**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૫ ટકા

# નવરાત્રીમાં યુવકો મેક ઓવર કરવા વિશેષ ઉત્સુક

ગાંધીનગર, તા.૨૭

નવલી નવરાત્રીમાં રંગબેરંગી ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ આગવી અદામાં ગરબે રમતા નજરે પડે છે. નવરાત પર્વને બે દિવસ આડા રહ્યા છે ત્યારે એક બાજુ વરસાદી માહોલમાં ગરબા મેદાનને તૈયાર કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ ખેલૈયાઓ પણ નવા મેક ઓવર માટે ઉત્સુક છે. સમયના બદલાતા પ્રવાહ સાથે મેકઓવર કરવા હવે માત્ર યુવતીઓ જ નહીં પરંતુ યુવકો પણ વિશેષ ધ્યાન આપી રહ્યા છે.

શહેર તેમજ આસપાસના સલૂનમાં નવરાત્રી પર્વ માટે નવો લુક અપનાવતા યુવકોની સંખ્યા વિશેષ છે.

નવરાત્રીમાં ખેલૈયાઓ બધાથી અલગ તરી આવવા અલગ અલગ લુક અપનાવતા હોય છે. પોતે પોતાના ડ્રેસથી લઈ મેક-અપ સાથે મેક-ઓવર કરવાનું પણ તેઓ ચુકતા નથી. આમ તો, આ બાબતે યુવતીઓ વધુ સજાગ રહી બ્યુટીપાર્લર કે સલુનની મુલાકાત લઈ વિવિધ બ્યુટી ટ્રીટમેન્ટસ લેતી હોય છે. પરંતુ સમયના બદલાતા પ્રવાહ સાથે હવે યુવતીઓની સાથે યુવાનો પણ સલુનમાં મેક ઓવર કરાવી રહ્યા છે. યુવતીઓ માટેની ટ્રીટમેન્ટ સાથે યુવકોની દરેક ટ્રીટમેન્ટસ હવે સલુનમાં ઉપલબ્ધ છે. અને આ વર્ષે શહેરમાં યુવતીઓ કરતા યુવાનો પોતાના મેકઓવર બાબતે વધુ સજાગ બન્યા છે. શહેરના સલૂન ચલાવતા નયનભાઈ પારેખના જણાવ્યા મુજબ યુવતીઓ સાથે હવે યુવકો માટે પણ ઘણી બ્યુટી ટ્રીટમેન્ટસ અમે કરીએ છીએ. યુવાનો પણ પોતાના માટે આ બાબતે વધુ સજાગ બન્યા છે. નવરાત્રી આવી રહી છે એટલે ફકત હેર કટ કે બીઅર્ડ સેટ કરવાની સાથે તેમને મેક-ઓવર કરાવવામાં પણ વધુ રસ છે.

## સે-૨૨ ગરબા ચોકનો નવરાત્રિ મહોત્સવ મોકૂફ

**સતત ૩૦ વર્ષથી યોજાતા ગરબા આ વર્ષે અનિવાર્ય સંજોગોને કારણે મુલતવી**

ગાંધીનગર, તા.૨૭

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૨૨ની સમિતિની એક બેઠક શોપીંગ સેન્ટર ખાતે આગામી નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે મળી હતી. આ વર્ષે સેકટર-૨૨ નવરાત્રી મહોત્સવ ૩૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે ત્યારે પાટનગરના શેરી ગરબામાં સુરક્ષિત અને શ્રેષ્ઠ રહેલા સે-૨૨ ગબ્બરચોક ખાતે સતત ૩૦ વર્ષથી યોજાતા ગરબા મહોત્સવનું આયોજન આ વર્ષે અનિવાર્ય સંજોગોને કારણે મુલતવી રાખવામાં આવેલ છે.

નવરાત્રિ સમિતિના પ્રમુખ કાલીદાસ પટેલે આ અંગે જણાવ્યું હતું કે સમિતિના સભ્યો, વેપારી મિત્રો, વસાહતી ભાઈ-બહેનો, નગરના અગ્રણીઓ તેમજ શહેર જિલ્લાના ભાવિકોના સક્રિય સહયોગથી છેલ્લા ૩ દાયકાથી સે-૨૨ ગબ્બરચોક ખાતે સફળ રહેલા સાર્વજનિક મહોત્સવની શહેર અને જિલ્લામાં એક આગવી ઓળખ રહી છે. તેમણે સહકાર આપનાર તમામ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતા કહ્યું હતું કે ચાલુ વર્ષે સેકટર-૨૨ ગબ્બરચોકમાં માતાજીનું સ્થાપન કરી નવરાત્રી દરમિયાન રોજ પૂજન, દર્શન અને આરતી રાત્રે ૯ કલાકે કરવામાં આવશે.

દશરથભાઈ પટેલ, પરસોત્તમભાઈ પટેલ, પ્રભાતભાઈ દેસાઈ, અશોકભાઈ પટેલ (શ્રોફ), પ્રકાશભાઈ સુખડીયા, ભરતભાઈ જોષી, અશ્વિનભાઈ વ્યાસ, રાજુભાઈ પટેલ, વિરભદ્રસિંહ વાઘેલા, દિપકભાઈ પટેલ, જગદીશભાઈ નાયી તથા સમિતિના સર્વે સભ્યો દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લાના ભાવિક ભકતજનોને દર્શન-આરતીનો લાભ લેવા જણાવાયું છે.

## એનઆઈસીએમ કેમ્પસ ખાતે સ્વ. જયરામભાઈ પટેલને પુણ્યતિથિએ પુષ્પાંજલિ અર્પણ કરાઈ






ગાંધીનગર ખાતે ચ-૦ સર્કલ નજીક એનઆઈસીએમ-એસજેપીઆઈ સંસ્થાના આદ્યસ્થાપક અને સમગ્ર ગુજરાતના પૂર્વ સહકારી અગ્રણી એવા સ્વ. જયરામભાઈ પટેલની પુણ્યતિથી નિમિત્તે સંસ્થા સંકુલમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પોતાના જીવનમાં સારા કર્મોને મહત્વ આપતા સાચા 'કર્મયોગી' અને 'બાપા'ના હુલામણા નામથી ઓળખાતા સ્વ. જયરામભાઈ પટેલને કોલેજના સંચાલક તથા તેમના સુપુત્ર જયપ્રકાશભાઈ પટેલ અને 'બાપા'ની બંને પુત્રવધુઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સ્વ. જયરામભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ સાથે શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે સમગ્ર એનઆઈસીએમ-એસજેપીઆઈ સંસ્થા સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂ.બાપાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

## આજે સે-૨૫માં લોક ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સેકટર-૨૫માં નવરાત્રી ચોક ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોથી 'સ્વર્ગસ્થ સ્વજનોને શ્રધ્ધાંજલી ભજન સંધ્યા' અંતર્ગત ભવ્ય લોકડાયરાનું આયોજન તા. ૨૮મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ ડાયરામાં શહેરના જાણીતા લોકગાયકો જેમાં આકાશવાણી, રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ, લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, ભગવતીબેન પ્રજાપતિ વગેરે પરફોર્મન્સ આપશે. લોક ડાયરાનું સંચાલન સાહિત્યકાર વ્હાલા ગજ્જર કરશે. આ પ્રસંગે શહેરના પૂર્વ કોર્પોરેટર સુરેશભાઈ મેહતા, કોર્પોરેટર પ્રવિણાબેન દરજી, ચંદ્ર સ્ટુડિયોના સત્યનારાયણ શર્મા વગેરે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને વિના મૂલ્યે માણવા શહેરની લોક સાહિત્યપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ઈન્ડિયન મેડીકલ એસો.માં સતત આઠમા વર્ષે પ્રમુખ તરીકે ડૉ. અનિલ ચૌહાણ



ગાંધીનગર, તા.૨૭

ઈન્ડિયન મેડીકલ એસોસીએશનની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં નવિન વર્ષ માટે ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના હોદ્દેદારો વચ્ચે ચુંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં જંગી બહુમતીથી સતત આઠમીવાર પ્રમુખ તરીકે ડૉ. અનિલ ચૌહાણ ચુંટાઈ આવ્યા છે જયારે સેક્રેટરી તરીકે ડૉ. જયેશ સોલંકી, ઉપપ્રમુખ તરીકે ડૉ. કલ્પેશ પરીખ અને ડૉ. રશ્મીન પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડૉ. વિરલ લુહાર, ટ્રેઝરર તરીકે ડૉ. બંકિમ મોદી, આસી. સેક્રેટરી તરીકે ડૉ. હર્ષદ રાઠોડ, આસી. ટ્રેઝરર તરીકે ડૉ. વસંત પટેલ જંગી બહુમતીથી વિજયી બન્યા છે. જયારે ચુંટણીમાં આઈ.એમ.એ. ઈલેકશન કમિશનર તરીકે ડૉ. કાન્તિભાઈ પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી. એડવાઈઝરી બોર્ડમાં ડૉ. દિનેશ બારોટ તથા ડૉ. મહિપતસિંહ પરમારે પ્રશંસનીય સેવાઓ આપી હતી. ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના હોદ્દેદારોની વરણીને અન્ય ડોકટર્સ આલમે વધાવી હતી.

## પાટનગરમાં સરકારી વાહન ચોરતી ગેંગ સક્રિય

ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગરમાં સરકારી વાહનોની ચોરીના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. ચોર ઈસમો સરકારી વાહનોને પણ ટાર્ગેટ કરતા સહેજ પણ અચકાતા નથી. શહેરમાં આવેલી વિવિધ કચેરીની ટાટા સુમો ગોલ્ડ ગણતરીની મિનીટોમાં ચોર ઈસમો ચોરી જાય છે. પોલીસના સઘન રાત્રી પેટ્રોલીંગ વચ્ચે સરકારી વાહનચોરી થઈ રહી છે. શહેરમાં અંદાજીત અત્યાર સુધીમાં પાંચ સરકારી ટાટા સુમો ગોલ્ડની ચોરી થઈ છે. ત્યારે આજે વધુ એક મહેસુલ વિભાગની સરકારી વાહનની ચોરી સેકટર-૨૩ ખાતેથી થઈ છે.

ગાંધીનગર શહેરમાં ચોરીના બનાવો એ સામાન્ય બાબત બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં લોખંડી બંદોબસ્તની વાતો કરતા પોલીસ તંત્રની નિષ્કાળજી છતી થાય છે. જો રાજયના પાટનગરમાં સરકારી વાહનોની આ પ્રકારે ચોરી થતી હોય તો સામાન્ય નાગરીકની જાહેર મિલકતની સુરક્ષા સામે સવાલ ઉઠી રહ્યા છે. ત્યારે શહેરમાં વાહનચોરીના કિસ્સા તો આંતરે દિવસે બને છે. ત્યારે સરકારી વાહનો પણ સલામત રહ્યા નથી. ગાંધીનગર શહેરના સેકટર-૨૩ બ્લોક નં.૧૮-૧ છ ટાઈપ ખાતે રહેતા પોપટભાઈ ચૌધરી મહેસુલ વિભાગમાં ડ્રાઈવર તરીકે છેલ્લા ૧૧ વર્ષથી ફરજ બજાવે છે. તેઓની પાસે વર્ષ ૨૦૧૨ મોડલની ટાટા સુમો ગોલ્ડ મહેસુલ વિભાગની કચેરીના ઉપયોગમાં સવારના ૧૦ થી ૬ દરમિયાન ઉપયોગમાં લેવાય છે. જી.જે.૧૮.જી.-૫૯૬૯ ગત તા.૨૬ ના રોજ રાત્રીના સાડા આઠ વાગે પોપટભાઈ ચૌધરી ગાડી લઈને ઘરે આવ્યા હતા અને પાર્ક કરી હતી. સવારે ૬ વાગે ઉઠીને પોપટભાઈએ જોયું તો ગાડી જે તે સ્થળે હાજર ન હતી. ગાડી અંગે પોપટભાઈ અને પાડોશીએ તાત્કાલીક આસપાસના વિસ્તારમાં તપાસ આદરી હતી પરંતુ ગાડી ન મળી આવતા આખરે રૂ.૧.૫૦ લાખની ગાડી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સેકટર-૨૬ જીઆઈડીસીમાં ટ્રકમાંથી ૧૦ લાખની સીગારેટની ચોરી

ગાંધીનગર, તા.૨૭


ગાંધીનગર શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ટ્રકમાંથી રૂ. ૧૦ લાખની સિગારેટની ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. જીઆઈડીસી વિસ્તારના પ્લોટ નં.ઈ-૧૯૮ ખાતે ખોડીયાર રોડવેઝ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

સેકટર-૨૧ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૬ કિસાનનગર ખાતે રહેતા ૩૯ વર્ષિય બીજલભાઈ ભરવાડ સે-૨૬ જીઆઈડીસીમાં ખોડીયાર રોડવેઝ કંપની ચલાવે છે. ગત તા.૨૪ મી રાત્રીના સમયે તેમના ડ્રાઈવર આઈસર ટ્રકમાં અમદાવાદથી કુલ ૧૧૫ નંગ પાર્સલ ભરીને આવ્યો હતો.આઈસર ટ્રક પર તાડપતરી ઢાંકીને દોરડાથી ફીટ કરવામાં આવી હતી. ડ્રાઈવર રાત્રીના સમયે પ્લોટમાં આવેલી ખુલ્લી જગ્યામાં સુઈ ગયો હતો. સવારે સાડા છ વાગ્યાના અરસામાં ડ્રાઈવર ઉઠ્યો ત્યારે દોરડું તુટેલી હાલતમાં હતું, અને તાડપત્રી ખુલ્લી હાલતમાં હતી. ડ્રાઈવર ટ્રકમાં તપાસ કરતા બે પાર્સલ નીચે પડેલા હતા. જેને પગલે માલિકને જાણ કરી હતી. બિજલભાઈ તાત્કાલીક આવી પહોંચ્યા હતા અને ટ્રકમાં રહેલા તમામ પાર્સલ ઉતારીને ચેક કર્યા હતા જેમાં કુલ ૧૧૫ પાર્સલના સ્થાને ૫ પાર્સલ ઓછા નીકળતા માત્ર ૧૧૦ પાર્સલ હતા. ગુમ પાર્સલની કોથળીઓ પરથી બીજલભાઈએ પાર્સલ મંગાવનાર રોહિતભાઈ પટેલને બોલાવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે આઈસીટી કંપનીના સિગારેટના કુલ ૭ પાર્સલ મંગાવ્યા હતા જેમાંથી પાંચ કાર્ટુન ગાયબ થઈ ગયા હતા. ગુમ થયેલા એક પાર્સલમાં બે કાર્ટુન હતા. જેમાં માત્ર એકની કિંમત રૂ.૧ લાખ હતી. જેને પગલે પાંચ પાર્સલમાં કુલ ૧૦ કાર્ટુન ભરેલી સિગરેટ કોઈ ચોર શખ્સ ઉઠાવી ગયો છે. ચોરીને પગલે સેકટર-૨૧ પીએસઆઈ આર.બી.પરમારે તપાસ શરુ કરી છે. પોલીસે જીઆઈડીસી વિસ્તારમાં આસપાસ તેમજ રસ્તા પર ગોઠવાયેલા સીસીટીવી ફુટેજ ચેક કરીને તપાસ શરુ કરી છે.

## સે-૨૭ રંગોલી સ્કુલ પાસેથી એકટીવા ચોરાયુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ રંગોલી સ્કુલ પાસેથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર સૌજન્ય પાર્ક સોસાયટી પ્લોટ નં. ૩૦ ખાતે રહેતા રવિન્દ્ર બાબુરાવ સોનવણે પોતાના પરિવાર સાથે રહે છે અને કોસમોસ કંપનીમાં રીક્રુટમેન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓ નોકરી આવન જાવન માટે વર્ષ ૨૦૧૭માં વ્હાઈટ કલરનું જી.જે.૧૮.સી.આર.૬૩૯૯ નંબરનું એકટીવા લીધુ છે. આ એકટીવા લઈને તેમની દિકરી સેકટર-૨૪ ખાતે ટયુશન કલાસમાં આવી હતી અને એકટીવા સેકટર-૨૭ ખાતે રંગોલી સ્કુલ પાસે ગત તા.૨૧ ના રોજ સાંજના સુમારે પાર્ક કર્યું હતું અને રાત્રીના નવ વાગે આવીને યુવતિએ જોયું તો પોતાનું એકટીવા જે તે સ્થળ પર ન દેખાતા આસપાસ વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. ત્યારબાદ રવિન્દ્ર બાબુલાલ સોનવણે એ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૪૦ હજારના એકટીવાની ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરના ઈન્ફોસિટી ગેટ નં. ૧ પાસે સ્થિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટના ૧૮ વિદ્યાર્થીઓએ સાંતેજ ખાતેની અરવિંદ લિમિટેડ કંપનીની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી. આ મુલાકાતમાં પ્રો. તન્વી કોઠારી અને આસીસ્ટન્ટ પ્રો. અનુશ્રી કારાણી પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન અરવિંદ મિલના વાઈસ પ્રેસિડેન્ટ નરેશ તારવાણીએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પુરું પાડયું હતું.

## મહાલક્ષ્મી નવરાત્રિ યુવક મંડળ પેથાપુરના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૨૭

શ્રી મહાલક્ષ્મી નવરાત્રિ યુવક મંડળ પેથાપુરના નવા વર્ષના હોદ્દેદારોની વરણી વાર્ષિક મિટીંગ દરમિયાન કરવામાં આવેલ છે.

જેમાં પ્રમુખ તરીકે જનકભાઈ ભાવસાર, ઉપપ્રમુખ કમલેશભાઈ આચાર્યા, મંત્રી નટુભાઈ કે. દરજી, સહમંત્રી રાજુભાઈ પ્રેસવાળા, ઓડીટર સુરેશભાઈ શર્મા, મેનેજર સુધાકરભાઈ વેલ્ડર તથા સલાહકાર તરીકે મંદિરના પુજારી સુરેન્દ્રભાઈ પુરોહિતની વરણી કરાયેલ છે.

કારોબારી સભ્ય તરીકે ગૌરાંગભાઈ સોની, અજયસિંહ ચાવડા, જયેશભાઈ પંચાલ, મહેશભાઈ કંસારા, નરેશભાઈ શર્મા, મીનાબેન ભાવસાર તથા અમીષાબેન ભાવસારની વરણી કરવામાં આવેલ છે. છેલ્લે નવરાત્રીને સફળ બનાવવા ચર્ચા વિચારણા કરી નટુભાઈ દરજી, જનકભાઈ ભાવસાર, સુરેશભાઈ શર્મા તથા પુજારી સુરેન્દ્રભાઈ પુરોહિત દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ખેલ મહાકુંભ જિલ્લા ચેસસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

હાલમાં યોજાયેલ ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં જિલ્લા વિજેતાની યાદીમાં ઓપન વય જૂથમાં પ્રથમ ક્રમે હર્ષદ ઈશ્વરભાઈ કાપડિયા, દ્વિતીય પરવેઝ અન્સારી, તૃતીય રોહિતભાઈ ત્રિવેદી રહ્યા હતા. જયારે અબોવ ૪૦ વય જૂથમાં પ્રથમ ક્રમે જયેશભાઈ જાદવ, દ્વિતીય પુષ્પેન્દ્રસિંહ ઝાલા, તૃતીય સુમન્તભાઈ વાણિયા અને અબોવ ૬૦ જૂથમાં પ્રથમ ક્રમે દિલીપભાઈ ઐયા, દ્વિતીય રામદેવસિંહ ઝાલા અને તૃતીય ક્રમ દિનેશભાઈ પટેલે મેળવ્યો હતો.

## વાવોલ ફાટક પાસે બે દારૂની બોટલ સાથે યુવતિ ઝડપાઈ

વાવોલ ગામના ફાટક પાસેથી એક યુવતિ દારૂની બે બોટલ સાથે પોલીસના હાથે રંગે હાથ પકડાઈ ગઈ છે. સે-૭ ડી સ્ટાફ પીએસઆઈ એ.જે. શાહ અને કોન્સ્ટેબલ બાબુજીને સંયુકત બાતમી મળી હતી કે વાવોલની એક ખાનગી સોસાયટીમાં રહેતી યુવતિ દારૂનું વેચાણ કરે છે. પોલીસે રેઈડ પાડીને યુવતિને પકડી પાડી હતી. યુવતિનું મોપેડ પાસે પડેલો થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની બે બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ અને મોપેડ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જાગૃત નાગરિક પરિષદના રચનાત્મક સૂચનોનો સરકારી નિર્ણયોમાં પડઘો

ગાંધીનગર, તા.૨૭

રાજયના વિવિધ પ્રશ્નો અંગે રચનાત્મક ઉદ્દેશ સૂચવતી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહીને રાષ્ટ્રીય કક્ષાએ અનુમોદન મળ્યુ છે. છેલ્લા છ મહિના દરમિયાન પરિષદે વસ્તી નિયંત્રણ માટે કુટુંબ નિયોજન કાર્યક્રમને ગતીશીલ બનાવવા, પ્લાસ્ટીક ઉપયોગને નિયંત્રીત કરવા વિશેષ તંત્રની રચના સાથે જનજાગૃતિ ફેલાવવા તેમજ પાણીના સુચારુ ઉપયોગ અને સંચય કરવા બાબત વિસ્તૃત ચર્ચા કરી રચનાત્મક સૂચનો સાથે ઠરાવો કર્યા હતા.

ગાંધીનગરમાં વિશાળ પ્રમાણમાં કન્ટ્રકશનના કામો ચાલી રહ્યા છે. કામો પર ખુબ મોટી સંખ્યામાં મજુરો, કારીગરો કામ કરી રહ્યા છે. તેઓ ઘણાં બાળકો ધરાવે છે અને વિકટ પરિસ્થિતિમાં ઉછરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં આવેલી સરકારી હોસ્પિટલોમાં કુટુંબ નિયોજનની કામગીરી માટે જરુરી સ્ટાફ પણ છે. 'નાનું કુટુંબ સુખી કુટુંબ'નો સંદેશો કામદારોને આપે તો નોંધ માત્ર કામગીરી થઈ શકે. આ બાબત તા. ૧૯-૫-૨૦૧૯ના ઠરાવથી દર્શાવાઈ હતી.

જળ સંચય અંગેના વિવિધ કામો નગર સેવકોની ગ્રાન્ટમાંથી હાથ ધરવા જોઈએ તેમ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે સૂચવ્યું હતું.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર શહેર માટે પીવાના પાણીના વપરાશ પર મીટર મુકવાની બાબતે મંજુરી આપી હોવાના સમાચારના સંદર્ભમાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં મહત્વના સૂચનો કરવામાં આવ્યા છે.

સામાન્ય રીતે પાંચ વ્યકિતના કુટુંબની જરૂરિયાત મુજબનું પાણી માટે લઘુત્તમ દર નક્કી કરવામાં આવે. પાણીના બીલ ત્રણ મહિનામાં એક વખત બનાવીને વહીવટી ખર્ચ ઘટાડી શકાય. પાણીની નવી લાઈનો પુરતા પ્રેશરથી પાણીનું વહન થઈ શકે અને કાટ ન લાગે તેવી સ્ટાન્ટર્ડ કંપનીની જ નાંખવામાં આવે. જેથી અનેક વર્ષો સુધી તેની કાર્યક્ષમતા જળવાઈ રહે.

પાણીની ફિલ્ટર ક્ષમતા વસ્તીના ધોરણોને લક્ષમાં લઈને અગાઉથી જ વધારવી જોઈએ. ડહોળા પાણીની સમસ્યામાંથી મુકિત મળવી જોઈએ.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની જયોતિન્દ્ર દવેના અધ્યક્ષપદે તાજેતરમાં મળેલ માસિક બેઠકમાં સર્વ એચ.બી.વરીયા, ભાનુપ્રસાદ પુરાણી, પ્રા. રવીન્દ્રભાઈ દવે, જીવણલાલ પરમાર, નિરંજનભાઈ ઓઝા, સુમંતભાઈ શાહ વગેરેએ ઉપસ્થિત રહી મહત્વના સુચનો કર્યા હતા.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● ડ્રીમગર્લ
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● સેકશન ૩૭૫
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● એબોમીનેબલ (અંગ્રેજી)
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● ડ્રીમગર્લ
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૧૦.૧૫

● પલ પલ દિલ કે પાસ
૪.૧૫

● છીછોરે
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● ડ્રીમગર્લ
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦

● છીછોરે
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● પલ પલ દિલ કે પાસ
૧૨.૦૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૫.૦૫

## ચૌધરી કોલેજમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ, કોલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત આહાર અને પોષણ વિષયક પોસ્ટર મેકિંગ સ્પર્ધા, પોષણમેળો યોજાયો તથા સ્લમ એરિયામાં પૌષ્ટીક આહાર વિતરણ કરવામાં આવ્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં દક્ષાબેન જાદવ તથા જીજ્ઞાસાબેન રાવલ દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવામાં આવી હતી.

કાર્યક્રમમાં સંતોષબેન શર્મા ખાસ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમ સાયન્સ વિભાગના અધ્યક્ષ પ્રતિમા છનિયારા, ડૉ. સજ્જનબેન ચૌધરી, પ્રા. તારાબેન દેસાઈ તથા મનિષા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સીપાલ ડૉ. એમ.એમ.ચૌધરીનો સહકાર રહ્યો હતો.

## આજે ગાંધીનગરમાં

● ભારતી બાપુની વ્યાસપીઠે સાંજે ૫ કલાકે સે-૨૨ એસ.બી.આઈ. બેંક પાછળના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં સુંદરકાંડના પાઠ યોજાશે.

● વાસણીયા મહાદેવ હનુમાનજી મંદિર ખાતે સવારે ૯ થી ૧૨ સુંદરકાંડના પાઠ યોજાશે.

● મારૂતિ ધામ વૈષ્ણવોદેવી ખાતે બપોરે ૪ થી ૬ દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. રાઠોડ આનંદબા વિક્રમસિંહ, ઉ.વ. ૫૨
● સ્વ. બિહોલા ભવાનસિંહ શિવસિંહ, ઉ.વ. ૭૦
● સ્વ. શાહ પુષ્પાબેન માણેકલાલ, ઉ.વ. ૭૯
● સ્વ. ચાવડા નવુબા દશરથસિંહ, ઉ.વ. ૬૦
● સ્વ. ઠાકોર ચંચળબેન જોઈતાજી, ઉ.વ. ૭૦
● સ્વ. શ્રીરામભાઈ બાબુરાવ મિસ્ત્રી, ઉ.વ. ૬૬